માનવીની સુખદ પરિસ્થિતિ અને પ્રાકૃતિક અવસ્થા એ જ શાંતિ છે
- થોમસન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૩૯ | ૭ નવેમ્બર, ૨૦૧૨, બુધવાર; આસો વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં સ્મૃતિ ઈરાની નિશ્ચિત



## ભાજપ ગાંધીનગર ઉત્તરમાં રાજ્યસભાનાં સભ્ય અને અભિનેત્રી સ્મૃતિ ઈરાની 'તુલસી' અને કલોલની બેઠક પર રાજ્યસભાના સભ્ય નટુજી ઠાકોરને મેદાનમાં ઉતારશે

ગાંધીનગર, તા. ૬

ફિલ્મ અભિનેત્રી અને રંગમંચના કલાકાર તરીકેની આગવી ખ્યાતી ધરાવતા સ્મૃતિ ઈરાની તેમજ રાજ્યકક્ષાના સાંસદ શ્રી નટુજી ઠાકોર ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી માટે ભાજપના સંભવિત ઉમેદવારોની યાદીમાં સમાવાયા હોવાની વાતને લઈ જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

ભાજપના સંપન્ન થયેલ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ગાંધીનગર જિલ્લાના નવા સીમાંકન અને જિલ્લાની રાજકીય સ્થિતિ પર થયેલ વિસ્તૃત ચર્ચાઓ બાદ આ બે નામોનો સંભવિત ઉમેદવારોની યાદીમાં સમાવેશ કરાયો હોવાનું પક્ષના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

સ્મૃતિ ઈરાની હાલ રાજ્યસભાના સાંસદ છે તેમજ ગાંધીનગર (ઉ)ની બેઠક માટે તેમની પસંદગી લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે. જો કે ગાંધીનગર (ઉ) માટે કેબિનેટ મંત્રી શ્રી નીતિન પટેલનું નામ પણ એટલુ જ જોરશોરથી ચાલી રહ્યુ છે.

જિલ્લામાં એક બેઠક મહિલાને ફાળવવાના અભિગમને લઈ સ્મૃતિ ઈરાનીની પસંદગી કરવામાં આવશે કારણ કે તેઓ શહેરી મતવિસ્તારમાં મતદારોને વધુ સારી રીતે આકર્ષી શકશે તેમ મનાઈ રહ્યુ છે.

તો શહેરી વિકાસ મંત્રી શ્રી નિતીન પટેલે મોવડીઓને ગાંધીનગર (ઉ) માટે ઈચ્છા હોવાની વાત કરી છે પણ નિર્ણય પક્ષ પર છોડ્યો હોવાથી તેમને કદાચ મહેસાણા અથવા અમદાવાદની બેઠક પર મોકલવામાં આવે તેવી સક્યતાઓ છે. ખાસ કરીને રાણીપની નવી બેઠક પર પણ તેમની પસંદગી થઈ શકે તેવી શક્યતાઓ છે.

બીજી તરફ કલોલ વિધાનસભા બેઠક માટે પણ ભાજપમાં આંતરિક ખેંચતાણનો ધ્યાને લેતાં પક્ષે રાજ્યસભાના સાંસદ નટુજી ઠાકોરનો સંભવિતોની યાદીમાં સમાવેશ કર્યો છે. સીમાંકનના ભૌગોલિક ફેરફારોને ધ્યાને રાખી અને ઠાકોર સમાજના મતદારોની સંખ્યાને ધ્યાને રાખી પક્ષે આ નામની ગંભીરતાપૂર્વક વિચારણા હાથ ધરી હોવાનું જણાવ્યું છે.

સ્મૃતિ ઈરાની અને નટુજી ઠાકોર



બન્ને રાજ્યસભાના સાંસદ હોવા છતાં તેમને વિધાનસભાની ચૂંટણી લડવા માટે સમજાવી લેવામાં આવશે તેવા નિર્દેશો આપતાં પક્ષના સૂત્રોએ જણાવ્યું છે કે ૧૯૯૫માં મહેસુલમંત્રી આનંદીબેન પટેલ રાજ્યસભામાં સભ્ય હોવા છતાં માંડલની બેઠક પરથી ચૂંટણી લડી અને રાજ્યના રાજકારણમાં પરત આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી બીજા તબક્કામાં છે અને આ માટે ઉમેદવારોની પસંદગીમાં સૌ જ્ઞાતિ અને સમાજનું ધ્યાન આપી શકાશે સાતે સાથે વિજયી બની શકે તેવા ઉમેદવારની જ પસંદગીને અગ્રતા અપાશે તેમ ભાજપના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.














